## Joint Press Release of the 4th India-Singapore Joint Working Group Meeting on Combating Terrorism and Transnational Crime
**21 May,2022**

**આતંકવાદ અને પાર-દેશી અપરાધનો સામનો કરવા પર 4થી ભારત-સિંગાપોર સંયુક્ત કાર્યકારી જૂથની બેઠકની સંયુક્ત પ્રેસ રિલીઝ**

મે 21, 2022

સિંગાપોરમાં તારીખ 18 થી 19 મે 2022 દરમિયાન ભારત અને સિંગાપોર વચ્ચે આતંકવાદનો અને દેશપાર ગુનાઓનો સામનો કરવા અંગેના સંયુક્ત કાર્યકારી જૂથ (JWG)ની 4થી બેઠક યોજાઈ હતી. શ્રી મહાવીર સિંઘવી, ભારતના વિદેશ મંત્રાલયમાં આતંકવાદ-વિરોધી સંયુક્ત સચિવ અને સિંગાપોરના ગૃહ મંત્રાલયના નાયબ સચિવ (નીતિ) શ્રી પુઆહ કોક કેઓંગે બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી.

વ્યૂહાત્મક ભાગીદારો તરીકે, ભારત અને સિંગાપોરે સરહદ પારના આતંકવાદ સહિત તેના તમામ સ્વરૂપોમાં આતંકવાદની સખત નિંદા કરી હતી અને આતંકવાદનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ સઘનરીતે વિસ્તૃત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

JWG એ એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે તેમના નિયંત્રણ હેઠળના કોઈપણ પ્રદેશનો ઉપયોગ અન્ય દેશો પર આતંકવાદી હુમલાઓ કરવા માટે ન થાય તે સુનિશ્ચિત કરવા તમામ દેશોએ તાત્કાલિક અને કાયમી પગલાં લેવા જોઈએ અને આવા આતંકવાદી હુમલાના અપરાધીઓને ઝડપથી કાનૂનને હવાલે કરવાની જરૂરિયાત પર સંમત થયા હતા.

JWG એ સમકાલીન આતંકવાદ-પ્રતિરોધક પડકારોની ચર્ચા કરી હતી, જે આતંકવાદીઓની સરહદ પારની હિલચાલ, કટ્ટરપંથીનો સામનો કરવો, આતંકવાદ નાણાંસહાય સામે લડવું અને ઇન્ટરનેટનો આતંકવાદી દવા થતાં ઉપયોગ સામે કામ લેવું, તે સમાવતી હતી. JWG એ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈશ્વિક આતંકવાદના ખતરાનું આંકલન, સાયબર ક્રાઈમ્સ, નશીલી દવાની હેરફેર અને દેશ પાર સુનિયોજિત અપરાધ અને આતંકવાદ વચ્ચેની સાંઠગાંઠ પર દૃષ્ટિકોણોનો વિચાર-વિનિમય પણ કર્યો હતો.

ભારત અને સિંગાપોર પોતપોતાની એજન્સીઓ વચ્ચે વધુ સહકાર અને સહયોગ, ખાસ કરીને માહિતીના આદાન-પ્રદાન અને અસરકારક પગલાં, કાયદાનો અમલ અને આતંકવાદ અને દેશ પારના ગુનાઓનો સામનો કરવા દરેક ક્ષેત્રમાં ક્ષમતા નિર્માણ માટે પ્રતિબદ્ધ છે

આ બેઠકમાં પડકારોનો સામનો કરવા માટે સિંગાપોર અને ભારત વચ્ચે સહકાર મજબૂત કરવા સંમત થયા હતા. JWG એ UN, ASEAN અને FATF જેવા બહુદેશીય મંચોમાં સહકારને વધુ ગાઢ બનાવવા પર પણ વિચાર-વિનિમયનું આદાન-પ્રદાન કર્યું હતું,

**સિંગાપોર**
**મે 21, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.